**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અંતર્ગત**
**"મહિલા કિસાન સંમેલન-વ-કૃષિ પ્રદર્શન" યોજાયુ.**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે તા.૦૮/03/૨૦૧૭ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અંતર્ગત "મહિલા કિસાન સંમેલન-વ-કૃષિ પ્રદર્શન" યોજાયું. આ કાર્યક્રમ નિમિતે કેન્દ્રના વૈજ્ઞાનિક (બાગાયત) તેમજ પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા ફળ, ફૂલ તથા શાકભાજી મૂલ્યવર્ધન હરીફાઈનુંયોજવામાં આવેલ. જેમાં પલોલ, રાલજ અને ઇસરામા ગામની ૯૮ મહિલા ખેડૂતો પૈકી ૮૬ બહેનોએ ફળ, ફૂલ તથા શાકભાજીની મૂલ્યવર્ધિત બનાવટો હરીફાઈમાં મુકેલ આ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી તેમજ મુખ્ય નિર્ણાયક તરીકે ડો. એચ.સી. પટેલ, પ્રાધ્યાપક અને ખાસ ફરજ પરના અધિકારી, બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ હાજર રહ્યા હતા. તેમજ ડો. એચ.બી.પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, આ.કૃ.યુ., આણંદ, ડો. મંજૂષા કુલશ્રેષ્ઠ પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ હવામાનશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ., આણંદ, ડો. સ્મિતાબેન પિલ્લઇ, નાયબ બાગાયત નિયામકશ્રી, રાજપીપળા, ડો. સ્નેહા મકવાણા સહપ્રાધ્યાપક, જનીન વિદ્યા અને પાક સંવર્ધન વિભાગ, બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ તથા ડો. જાગૃતિ શ્રોફ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ હાજર રહ્યા હતા તેમજ હરીફાઈમાં નિર્ણાયકો તરીકેની ફરજ બજાવેલ. કાર્યક્રમની શરૂઆતમાં અધ્યક્ષશ્રી દ્વારા કૃષિ પ્રદર્શન તથા હરિફાઈનું ઉદઘાટન કરવામાં આવ્યું ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી(ઇન્ચાર્જ) ડો. એસ. બી. કાટોલે દ્વારા સર્વે મહેમાનોનું તથા ખેડૂત બહેનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ તેમજ કેન્દ્રની પ્રવૃતિ વિષે માહિતગાર કર્યા. કેન્દ્રના વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના હેતુઓ સમજાવ્યા તેમજ "મહિલાઓનો કૃષિમાં ફાળો" બાબત પર ચર્ચા કરવામાં આવી. ડૉ. મંજૂષા કુલશ્રેષ્ઠ મેડમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સ્ત્રીઓના ઉત્થાન માટેની તેમજ સ્ત્રી સશક્તિકરણ અંગે જણાવ્યુ હતું. સહ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, ડો. એચ.બી.પટેલે મહિલાઓને પશુપાલન વ્યવસાયમાં મહિલાઓના અગત્યના ફાળા વિષે માહિતી આપી હતી. ત્યારબાદ ડો. સ્મિતાબેન પિલ્લઇ એ બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિષેની માહિતી આપી હતી. ડો. એચ.સી. પટેલે બાગાયતી પાકોમાં મૂલ્ય વર્ધન દ્વારા મહિલાઓ નાના ગૃહઉદ્યોગ શરૂ કરી પગભર થાય તે બાબત પર ભાર મૂક્યો

ફળ, ફૂલ તથા શાકભાજી મૂલ્યવર્ધન હરીફાઇમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય એમ ત્રણ વિજેતા જાહેર કરી તેઓને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. તાંત્રીક બેઠક બાદ સર્વે બહેનોને ફૂલોની વિવિધ બનાવટોની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી તેમજ મહિલાઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે કે.વી.કે. ના વૈજ્ઞાનિક(ફિશરીઝ) શ્રી જે.એચ. ભટ્ટે સર્વેનો આભાર વ્યક્ત કર્યો. ઉપરોક્ત કાર્યક્રમનુ આયોજન તથા સંચાલન શ્રીમતી એ.બી. પરમાર વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા કરવામાં આવેલ

# "મહિલા કિસાન સંમેલન-વ-કૃષિ પ્રદર્શન" ની ઝાંખીઓ



પ્રદર્શન- ઉદઘાટન



કે.વી.કે. પ્રદર્શન- મુલાકાત



નિર્ણાયકો દ્વારા હરીફાઈમાં મૂકેલ વસ્તુઓનું મૂલ્યાંકન




મહેમાનશ્રીઓનું વ્યાખ્યાન




ઇનામ – પ્રમાણપત્ર વિતરણ



ફૂલોની વિવિધ બનાવટોની પ્રત્ય નિદર્શન